ગુજરાત રાજ્ય કાયદા પંચની કામગીરી સંલગ્ન
ઉપસ્થિત કરેલ મહેકમની મુદત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
ઠરાવ ક્રમાંક -એલએસી- ૨૦૦૬ - ૪૪ - ૧૧૦ ૫૮૨ - લો સેલ
સચિવાલય ગાંધીનગર.
તારીખ : 23/05/2017

**વંચાણે લીધા : -**

(૧) વૈધાનિક અને સંસદીય બાબતોનો તા. ૨૨-૬-૯૮ નો સરકારી ઠરાવ ક્રમાંક: એલએસી–૧૦૯૮ – ૨૭ – ઇ.
(૨) વૈધાનિક અને સંસદીય બાબતોનો તા. ૨૨-૧૨-૯૮ નો સરકારી ઠરાવ ક્રમાંક: એલએસી–૧૦૯૮ – ૨૭ – ઇ.
(૩) વૈધાનિક અને સંસદીય બાબતોનો તા. ૨૨/૦૭/૨૦૧૪ નો સરકારી ઠરાવ ક્રમાંક: એલએસી –૨૦૦૬ – ૪૪ – ૧૧૦ - ૧૮૪ - લો સેલ.
(૪) વૈધાનિક અને સંસદીય બાબતોનો તા. ૧૨/૦૫/૨૦૧૬ નો સરકારી ઠરાવ ક્રમાંક: એલએસી–૨૦૦૬ – ૨૭ – પાર્ટ ફાઇલ – ૧૭૫ – લો સેલ.

સરકારશ્રીનાઆમુખમાંદર્શાવેલ ઠરાવ (૧) થી ગુજરાત રાજ્ય કાયદા પંચની રચના કરવામાં આવેલ છે. જેની મુદત વખતો વખત લંબાવવામાં આવેલ છે. ત્યારબાદ આમુખ (૪) માં જણાવેલ તા. ૧૨/૦૫/૨૦૧૬ ના ઠરાવથી ગુજરાત રાજ્ય કાયદા પંચની મુદત તા. ૩૦/૦૬/૨૦૧૭ સુધી લંબાવવામાં આવેલી છે. તદ અનુસાર સદરહુ પંચની કામગીરીને સંલગ્ન ઊભું કરાયેલા નીચે દર્શાવ્યા મુજબના મહેકમની મુદત વધારી તા ૩૦ /૦૬ /૨૦૧૭ સુધી લંબાવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ | જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| (અ) | કાયદાકીય બાજુના અધિકારીઓ/કર્મચારીઓનું મહેકમ | | |
| ૧ | સભ્ય સચિવ(કાયદાકીય બાજુ) | લાયકાત અને નિમણૂકની શરતો અને બોલીઓના આધારે | ૧ |
| ૨ | નાયબ સચિવ (કાયદાકીય બાજુ) | ૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૭૬૦૦ | ૧ |
| ૩ | નાયબ સચિવ (સામાન્ય બાજુ) ઉપ સચિવ (કાયદાકીય બાજુ) ની જગ્યા શ્રી ડી. આર. ત્રિવેદી લો કમિશનમાં ફરજ બજાવે ત્યાં સુધી ઉપ ગ્રેડ કરેલ છે. | ૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૭૬૦૦ | ૧ |
| ૪ | ઉપ સચિવ (કાયદાકીય બાજુ) | ૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૫૪૦૦ | ૨ |
| ૫ | રિસર્ચઓફિસર (લો) | લાયકાત અને નિમણૂકની શરતો અને બોલીઓના આધારે | ૨ |
| ૬ | સેકશન અધિકારી (કાયદાકીય બાજુ) | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૬૦૦ | ૧ |
| ૭ | નાયબ સેકશન અધિકારી (કાયદાકીય બાજુ) | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૪૦૦ | ૨ |
| (બ) | સામાન્ય સંવર્ગનું મહેકમ. | | |
| ૮. | અંગ્રેજી સ્ટેનો ગ્રાફર ગ્રેડ – ૧ | ૧૫૦૦૦- ૬૦૦ – ૩૯૧૦૦ ગ્રેડ પે ૫૪૦૦ | ૩ |
| ૯. | અંગ્રેજી ટાઇપીસ્ટ | ૫૨૦૦ – ૨૦૨૦૦ ગ્રેડ પે ૧૯૦૦ | ૧ |
| ૧૦. | ગુજરાતી ટાઇપીસ્ટ | ૫૨૦૦ – ૨૦૨૦૦ ગ્રેડ પે ૧૯૦૦ | ૧ |
| ૧૧. | ડ્રાઈવર | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રડ પે ૨૪૦૦ | ૩ |
| ૧૨. | પટાવાળા (ચોકીદાર સહિત) | ૪૪૪૦-૭૪૪૦ ગ્રેડ પે ૧૩૦૦ | ૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૩. | સ્વીપર (હમાલ) | ૪૪૪૦-૭૪૪૦ ગ્રેડ પે ૧૩૦૦ | ૧ |
| (ક) | વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં ઉપસ્થિત કરાયેલા એકમ (લો સેલ) માટેનું મહેકમ. | | |
| ૧૪. | ઉપસચિવ ((કાયદાકીય બાજુ) | ૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૫૪૦૦ | ૧ |
| ૧૫. | સેકશન અધિકારી (કાયદાકીય બાજુ) | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૬૦૦ | ૧ |
| ૧૬. | નાયબ સેકશન અધિકારી (કાયદાકીય બાજુ) | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૪૦૦ | ૧ |
| ૧૭. | કારકુન | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે ૧૯૦૦ | ૧ |

૨. આ અંગેનુ ખર્ચ માંગણી ક્રમાંક – ૬૨, સેક્ટર (ક) સામાન્ય, પેટા સદર (ધ) વહીવટી સેવાઓ, મુખ્ય સદર – ૨૦૫૨ – સચિવાલય સેવાઓ, ગૌણ સદર: ૦૯૦ સચિવાલય પેટા સદર (૩) રાજ્ય કાયદા પંચ સદરેમંજુર થયેલ ગ્રાંટમાંથીઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૧૯/૦૫/૨૦૧૬ ના રોજ મળેલ અનુમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ. આર. ચિતારા)
નાયબ સચિવ અને ખાતાના વડા
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

પ્રતિ,

૧. અંગત સચિવશ્રી માન. મંત્રીશ્રી, વૈધાનિક અને સંસદીય બાબતોનું કાર્યાલય, ગાંધીનગર
૨. અંગત સચિવશ્રી માન. રા.ક. મંત્રીશ્રી, વૈધાનિક અને સંસદીય બાબતોનું કાર્યાલય, ગાંધીનગર
૩. અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. સચિવશ્રી (વૈધનિક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. સચિવશ્રી (સંસદીય બાબતો) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૬. માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, બં. નં – ૧૪, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ.
૭. સચિવશ્રી અને આર. એલ. એ. ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૮. નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. નાયબ સચિવશ્રી, સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
૧૧. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
૧૨. નિવાસી તપાસણીઅધિકારીશ્રી, ગાંધીનગર.
૧૩. રોકડશાખા, વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ સચિવાલય, ગાંધીનગર. (બે નકલમાં)
૧૪. સિલેક્ટ ફાઇલ - ૨૦૧૬.